ખૂણેખાંચરેથી

- દીપીકા-સારા-શ્રધ્ધા-રિયા સહિત બોલિવુડ સેલેબસના ૮૫ જેટલા ગેઝેટ્સ ગાંધીનગર સ્થિત ફોરેન્સીક લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે.
- પંચાયતોની ચૂંટણી અંગેની તૈયારીઓની સમીક્ષા માટે આજે રાજ્ય ચૂંટણી પંચે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીઓ સાથે આજે જિલ્લા વિકાસ અધિકારીએ સમીક્ષા બેઠક બોલાવી છે. બપોર બાદ આ બેઠક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીમાં મળશે.
- જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે સીટની બેઠક મળી હતી.
- ગાંધીનગર તાલુકા પંચાયતની નવી રચાયેલ કારોબારી સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેનની નિમણુંક અંગે ૨૦મી પછી પ્રથમ બેઠક બોલાવાશે તેમ જાણવા મળેલ છે.
- 'આક્રોશ' અખબારના પ્રતિનિધિ રાજુ જોશીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.
- ઘોરડો(કચ્છ) ખાતે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પનઘટ કલા કેન્દ્રની ગાંધીનગરની દીકરીઓએ પરંપરાગત ગરબાની પ્રસ્તુતી કરી હતી.
- મધ્યાહન ભોજન યોજના કર્મચારી સંઘ અને શિક્ષણ વિભાગના અધિકારીઓની શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી.

કોરોના કાળમાં માસ્ક પહેરવું હવે ફરજીયાત થઈ ગયું છે. વેકિસન જયાં સુધી નહીં આવે ત્યાં સુધી માસ્ક દ્વારા જ કોરોનાથી બચાવ શકય છે. જો કે હજુ આ બાબતે ઘણા લોકો નિષ્કાળજી રાખે છે અને માસ્ક પહેરતા નથી. માસ્ક ન પહેરનારાઓ સામે પોલીસે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. સેકટર-૩૦ સર્કલ પાસે પોલીસે વિશેષ બંદોબસ્ત ગોઠવી માસ્ક ન પહેરનારાઓને ઝડપી લીધા હતા અને દંડ ફટકાર્યો હતો.

ફરીવાર ભાજપ સોશ્યલ મિડીયા અને પેજ પ્રમુખના સહારે ૨૦૨૨ની ચૂંટણી લડશે

પેજ પ્રમુખની ફોર્મ્યુલા નરેન્દ્ર મોદી અને અમિત શાહની હતી જેણે પહેલાં સફળતા અપાવી હતી, હવે સીઆર પાટીલ પણ એ જ રસ્તે જઇ રહ્યાં છે, જે કોંગ્રેસ માટે જોખમી છે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી જીતવા માટે ભાજપની ચૂંટણી રણનીતિ આ વખતે ખાસ હશે. સોશ્યલ મિડીયા યુદ્ધની સાથે આ વખતે હાઈટેક પદ્ધતિથી ભાજપ ચૂંટણી લડશે. આ વખતે ભાજપની ચૂંટણી રણનીતિના ખેલાડીઓ ખાસ પેજ પ્રમુખ હશે.

પેજ પ્રમુખની ફોર્મ્યુલા નરેન્દ્ર મોદી અને અમિત શાહની હતી જેણે પહેલાં ગુજરાતમાં ભાજપને સફળતા અપાવી છે અને હવે સીઆર પાટીલ પણ એ જ રસ્તે જઈ રહ્યાં છે જે કોંગ્રેસ માટે અત્યંત જોખમી બની શકે તેવા સંકેત અત્યારથી જ મળી રહ્યાં છે, કારણ કે પ્રત્યેક ચૂંટણી સમયે કોંગ્રેસનું બુથ મેનેજમેન્ટ અત્યંત કંગાળ છે.

એક વોટર લિસ્ટમાં એક પેજ પ્રમુખ હશે. એટલે કે અંદાજે ૫૦ મતદારો વચ્ચે એક પેજ પ્રમુખ હશે. પેજ પ્રમુખ ઉપરાંત પ્રત્યેક બુથ પર સ્માર્ટફોન સાથે કાર્યકરોની યાદી બનશે. સામાન્ય રીતે ચૂંટણી ગેમપ્લાનમાં પેજ ઈન્ચાર્જની ભૂમિકા બહું જ મહત્વની હોય છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓમાં પણ પેજ પ્રમુખની જવાબદારી મહત્વની બનશે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે જિલ્લા અને તાલુકા પંચાયત, પાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને લઈને પેજ પ્રમુખનો નિર્ણય લીધો છે, જે આગળ જતાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં પણ પાર્ટીને વિજય અપાવવા માટે કામ લાગશે.

ગુજરાતમાં આ પ્લાન પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે તૈયાર કર્યો છે. અગાઉ ગુજરાતની ચૂંટણીમાં ૬૦ મતદારો વચ્ચે એક પેજ પ્રમુખ હતો. પેજ પ્રમુખ હંમેશા તેના ઘરમાંથી વોટ માગવાની શરૂઆત કરતો હોય છે. ૨૦૨૨ની ચૂંટણી પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને મુખ્યપ્રધાન વિજય રૂપાણીના નેતૃત્વમાં લડાવાની હોવાથી ભાજપ માટે અસ્તિત્વનો જંગ હશે.

પાટીલ ભાઉએ તો અગાઉ કહ્યું છે કે અમે ગુજરાત વિધાનસભાની તમામ ૧૮૨ સીટો પર વિજય મેળવવાના છીએ. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ પેજપ્રમુખ બની પેજ સમિતિનું ગઠન કર્યું છે. પેજ પ્રમુખની વોર્ડની યાદીમાં નામ, સરનામું, મોબાઈલ નંબર, આધાર કાર્ડ નંબર, મતદારયાદી ક્રમાંક, જન્મતારીખ, લગ્ન તારીખ અને બ્લડગ્રુપ લખવામાં આવે છે. આ અગાઉ ખુદ સીઆર પાટીલ અને મુખ્યપ્રધાન વિજય રૂપાણી પણ પેજપ્રમુખ બન્યાં છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મહારાજ તમે તો મારા લગ્ન સારા મૂરતમાં જ કર્યા હતા... તો પણ આવુ કેમ થયું ??

રાજ્યમાં માવઠા બાદ ઠંડીનું જોર વધ્યું નલિયામાં લઘુતમ તાપમાન ૫ ડીગ્રી

ગાંધીનગર,તા.૧૫

રાજ્યમાં માવઠા બાદ હવે ધીમે ધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે. સાથે જ હવામાન વિભાગે આગાહી કરી છે કે સૌરાષ્ટ્રના રાજકોટ અને કચ્છના નલિયામાં કોલ્ડ વેવ રહેશે. આ દરમિયાન કચ્છમાં ઠંડા પવન ફૂંકાવાની શરૂઆત સાથે નલિયામાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. નલિયાનું લઘુતમ તાપમાન ઘટીને ૫ ડીગ્રી નોંધાયું છે. એટલે કે બે દિવસમાં નલિયાનું તાપમાન પાંચ ડીગ્રી સુધી ઘટી ગયું છે. જોકે, અન્ય શહેરોનું તાપમાન યથાવત નોંધાયું છે.

રાજ્યમાં અન્ય શહેરના લઘુતમ તાપમાન જોઈએ તો સામાન્ય તાપમાન કરતા ઊંચું નોંધાયું છે. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૭.૧ ડીગ્રી, વડોદરાનું લઘુતમ તાપમાન ૧૭.૬ ડીગ્રી, સુરતનું લઘુતમ તાપમાન ૧૮.૮ ડીગ્રી, રાજકોટનું લઘુતમ તાપમાન ૧૩.૨ ડીગ્રી, ભુજનું લઘુતમ તાપમાન ૧૧.૯ ડીગ્રી, નલિયાનું લઘુતમ તાપમાન ૫ ડીગ્રી, ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૧૬.૫ ડીગ્રી નોંધાયું છે.

નગરના તબીબોનો એક જ સુર વેકિસન લેવી અનિવાર્ય અન્ય કોઇ વિકલ્પ નહીં

કોરોનાને ભગાડવો હોય તો વેકિસન રામબાણ પુરવાર થાય તેવી સંભાવના : કોઇ વેકિસન સો ટકા બનતી નથી પરંતુ વેકિસન અસરકારક ચોક્કસ પુરવાર થઇ શકે : ટ્રાયલ ફેઇઝમાં પણ સારા પરિણામ મળ્યા છે

ગાંધીનગર તા ૧૫

કોરોનાની વેકિસન તો લેવી જ જોઇએ. કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. ત્યારે દેશમાં કોરોનાનુ વધતુ સંકમણ અટકાવવા માટે જી જાનથી પ્રયાસો થઇ રહ્યા છે. અગાઉની જેમ જ બધુ સામાન્ય થઇ જાય અને જનજીવન ખુશહાલ બને તે માટે કોરોનાનો રામબાણ ઇલાજ જરૂરી છે. લાંબા સમયથી કોરોનાની વેકિસનના સંશોધન માટે દેશ દુનિયા કામે લાગ્યા છે. ત્યારે હાલ વેકિસનને લઈને રોજ સારા સમાચાર મળી રહ્યા છે. ત્યારે આ વેકિસન પ્રત્યેક નાગરિક માટે અનિવાર્ય છે. ટ્રાયલ ફેઇઝમાં વેકિસનની સાઇડ ઇફેકટ પણ જોવા મળી નથી. જયારે કોઇપણ રસી સો ટકા હોતી નથી આવા સંજોગોમાં વેકિસનની પેટર્ન પણ અસરકાર છે. કોઇ આડઅસરની શક્યતા પણ નહીંવત જણાંય છે. નગરના તબીબો અને સામાન્ય નાગરિકોના મતે કોરોનાને ભગાડવા માટે વેકિસન સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી.

કોરોનાની વેકિસન લેવી જ જોઇએ. અગાઉ તૈયાર થયેલી પોલિયો , શિતળા જેવી રસીના બેઇઝ પેટર્ન પર જ આ પ્રકારની રસી તૈયાર થાય છે. જયારે એમ આર એન એ બેઇઝ પર તૈયાર કરવામાં આવતી આ રસીની સામાન્ય રીતે કોઇ મોટી સાઇડ ઇફેક્ટ જોવા મળતી નથી. દેશમાં ૮૦ ટકાને વેક્સિનેશન થઇ જાય તો હર્ડ ઇમ્યુનિટી ડેવલપ થઇ જાય જેના લીધે કોરોના પર સરળતાથી જીત મેળવી શકાય. રસીકરણના અંતે પોઝીટીવ પરિણામની અસરથી આગામી દિવસોમાં જનજીવન કોરાનામુક્ત અને સામાન્ય બની જશે તેવી પણ આશા તેમણે વ્યકત કરી હતી.

ડો દેવેન્દ્ર પટેલ, સર્જન

●●●

કોરોનાના લીધે લાંબા સમયથી જનજીવન ત્રાહીમામ છે. જયારે હવે રસી આવી છે. ત્યારે આ રસી દરેક નાગરિકે લેવી જોઇએ. કારણ કે તેના સિવાય અન્ય કોઇ વિકલ્પ પણ નથી. વેકિસનની અસર બે વર્ષ સુધી રહી શકે તેમ પણ મનાઇ રહ્યુ છે. સામાન્ય રીતે કોઇપણ વેકિસનને શોધતા અને તેની આડઅસર જાણવામાં એક દાયકા જેટલો લાંબો સમય વિતી જતો હોય છે. પરંતુ કોવિડના વધતા સંક્રમણને અનુલક્ષી ઇમરજન્સીમાં મંજુરી આપવામાં આવી છે. ત્યારે રીએકશન આવશે કે નહી તેનો ખતરો છે. જો કે પ્રથમ અને બીજા તબક્કાના ટ્રાયલમાં વેકિસન અંગે કોઇ આડઅસરના સમાચાર મળ્યા નથી. જયારે વેકિસન ૯૦ ટકા અસરકારક હોવાનુ પણ મનાય છે. ત્યારે વેકિસન લેવી અનિવાર્ય હોવાનુ જ સ્પષ્ટ થાય છે.

ડો ગિરિશ શાહ, ઈ.એન.ટી. સર્જન

●●●

કોરોનાની વેકિસન ફરજિયાત લેવી જોઇએ. જો કે તેની અસરકારકતા કે આડઅસર અંગે સ્પષ્ટ કહી ન શકાય પરંત અત્યાર સુધીના પરિણામો સારા મળ્યા છે. કોરોના થયો હોય તેવા કિસ્સામાં ૪૫ થી ૫૫ ટકા કિસ્સામાં જ એન્ટીબોડી ડેવલપ થયા હોવાનુ ધ્યાને આવે છે. જયારે વેકિસનના લીધે ઇમ્યુનીટી ઝડપથી ડેવલપ થશે. પ્રારંભિક તબક્કે હેલ્થ વર્કર અને વડીલોને અગ્રતા આપી વેકિસન આપવાની યોજના છે. ત્યારે પરિવારના સભ્યોને ધ્યાનમાં રાખીને બધાને સાથે વેકિસન મળે તે પણ અનિવાર્ય છે. વેકિસનની કોઇ આડઅસર જોવા મળી નથી પરંતુ તે વાત સમય સાથે જ સ્પષ્ટ થાય તેમ છે.

ડો વિપુલ ઠક્કર, જનરલ પ્રેક્ટિશનર

●●●

કોરોનાની વેકિસનના જુદા જુદા બેઇઝ છે. જેથી મોડ ઓફ એકશન પણ અલગ છે. વેકિસન વાયરસને કીલ પણ કરે તેમજ

એન્ટી બોડી પણ વધારે તેમ દરેક વેકિસનની ખાસિયત અલગ છે. હજુ ભારતમાં વેકિસન લોન્ચ થઇ નથી. પરંતુ વેકિસન ૭૦ ટકા સુધી અસરકારક હોય તો લેવી જ જોઇએ. કારણ કે કોઇપણ રોગની સો ટકા રસી તો બની ન જ શકે જયારે નાગરિકોમાં પણ વેકિસનની અસરના શું પરિણામ મળે છે તે સમય જ બતાવશે.

ડો બદ્રીશ સંઘવી, જનરલ પ્રેક્ટિશનર

●●●

કોરોનાના સંક્રમણથી સૌ કોઇ પરેશાન અને ભયભીત છે. ત્યારે કોરોનાને કાબુમાં લેવા સરકાર પણ અનેક પ્રયાસો કરી રહી છે. આવા સંજોગોમાં દેશમાં રસી આપવાનુ શરૂ કરે તો આ વેકિસન ચોક્કસ દરેક નાગરિકે લેવી જ જોઇએ. જો કે વેકિસનની આડઅસર અંગે હજુ સ્પષ્ટતા થતી નથી ત્યારે સમાચારોમાં મળતી માહીતીથી પણ ઘણીવાર વેકિસન લેવાની વાત આવે ત્યારે ખચકાટ થાય છે. પરંતુ તેના સિવાય અન્ય કોઇ વિકલ્પ પણ નથી. વેકિસનની સફળતા અંગે સમય જતા ખ્યાલ આવશે.

અશોક પોપટ, વેપારી

●●●

કોરોનાની વેકિસન અવશ્ય લેવી જ જોઇએ. કારણ કે કોરોનાનુ સંક્રમણ તો જ ઘટશે. અને ખાસ કરીને ફ્રન્ટ લાઇન વોરિયર્સે તો અચુક લેવી જોઇએ. જેથી કોરોના સંક્રમણની ચેઇન તુટે અને જલદીથી સૌ કોઇ કોરોના મુક્ત થઇ શકે. કોરોના વેકિસન અસરકાર રહેશે . દેશ દુનિયામાં ઘણા સંશોધનો થયા છે. કોરોના વેકિસનની ટ્રાયલમાં પણ કોઇ કચાશ રાખવામાં આવી નથી. ત્યારે કોરોનાની વેકિસન દરેક નાગરિકે લેવી જ જોઇએ જેથી આગામી દિવસોમાં કોરોનાનો ખાતમો થાય

મનીષા જોષી, બેંક ઓફિસ આશિષ્ટન્ટ

●●●

કોરોના વેકિસન લેવી અનિવાર્ય છે. કોરોના ભગાડવા માટે અન્ય કોઇ વિકલ્પ નથી. દેશની પ્રગતિ અને જનજીવનની સુખાકારી માટે પ્રત્યેક નાગરિકે કોરોના મુકત રહેવુ અનિવાર્ય છે. કોરોનાનુ સંક્રમણ દેશમાં વધી ગયુ છે. ત્યારે કોરોના સામેની જીત પણ હવે નજીકમાં જ જોવા મળી રહી છે. કોરોના વેકિસનના પરિણામો અત્યાર સુધી સારા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે કોઇ વિશેષ સાઇડ ઇફેકટ પણ નહીં હોય તેમ મનાઇ રહ્યુ છે. આવા સંજોગોમાં વેકિસન લઇને સાચા અર્થમાં ગો કોરોનાનુ સુત્ર સાર્થક કરવુ જોઇએ.

જિજ્ઞેશ પેટલ, યુવા અગ્રણી

ઈન્ટર્ન ડોકટરની હડતાળનો મામલો, આઈએમએ આવ્યું તબીબોની વહારે

અમદાવાદ,તા.૧૫

રાજ્યમાં વિવિધ માંગણીઓ મુદ્દે હડતાળ પર ઉતરેલા ઈન્ટર્ન તબીબોની વહારે હવે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન આવ્યું છે. આઈએમએ દ્વારા નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ તેમજ આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિને પત્ર લખવામાં આવ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું કે ઈન્ટર્ન ડોક્ટરોની રજૂઆત યોગ્ય છે. ઉલ્લેખનીય છે કે તેમની માંગણી ન્યાયિક છે. આથી સરકાર તેમની માંગણીઓને સંતોષકારક ઉકેલ લાવે તેવી રજૂઆત આઈએમએ દ્વારા કરવામાં આવી છે.

વડોદરામાં ગોત્રી અને સયાજી હોસ્પિટલના ઈન્ટર્ન તબીબો આજે બીજા દિવસે હડતાળ પર ઉતર્યા હતા. હડતાળિયા તબીબોએ આક્ષેપ કર્ય હતો કે સરકાર મુખ્ય માંગોને ડાયવર્ટ કરી રહી છે..આ તબીબો પોતાની માંગોને લઈને મક્કમ છે. તબીબો દ્વારા સરકાર પાસે સ્ટાઈપેન્ડ વધારવાની માંગ કરવામાં આવી છે.ઈન્ટર્ન તબીબોએ સ્ટાઈપેન્ડ ૧૨ હજાર ૮૦૦થી વધારી ૨૦ હજાર કરવાની માંગ કરી છે.

ગાંધીનગર હોસ્પિટલ ખાતે ટીબીના રોગ અંગે ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

ટીબી હારેગા..દેશ જીતેગા.. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ-૨૦૨૫ માં ટીબીના રોગને ભારતમાંથી નેસ્તનાબુદ કરવા માટે આહ્વાન કર્યું છે. ટીબી રોગની નાબુદી અભિયાન અંતર્ગત મંગળવારના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય વિભાગના સંયુકત સચિવ નિયામક (ટીબી) ડો.જી.સી.પટેલ દ્વારા ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી, પ્રોગામ ઓફિસર, તાલુકા આરોગ્ય અધિકારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર, સામુહીક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડન્ટ સાથે ટીબીના રોગ અંગેની બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં ડો.જી.સી. પટેલે જણાવ્યું હતું કે હાલના કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યા બાદ પણ વ્યકિતમાં ટીબીના લક્ષણો હોવા છતા નાગરીકો ટીબીનું નિદાન કરાવતા નથી જે ખુબ જ ગંભીર બાબત છે. આ કોરોનાની મહામારીના સમયગાળામાં ડર વિના વધુને વધુ વ્યકિત ટીબીની તપાસ કરાવે અને આજથી આગામી તા.૩૧ ડિસેમ્બર સુધી રોજ ટીબીના કેસ શોધવાની કામગીરી સઘન કરવાની સુચના આપવામાં આવી હતી. આ સઘન કામગીરીમાં ટીબીના કેસ શોધાય તેની સમયસર સારવાર ચાલુ થઈ જાય તેની તકેદારી રાખવાનું કહેવામાં આવ્યું હતું. તે ઉપરાંત ટીબી નાબુદી અભિયાનમાં સમાજના આગેવાનો, રાજકીય હોદેદારો, ગ્રામ પંચાયતના સભ્યો, પંચાયતીરાજના સભ્યો સહિતના નાગરીકોનો સહયોગ લેવા માટે બેઠકમાં હાજર તમામ અધિકારી-કર્મચારીઓને જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પરિક્ષા જાહેર, ૨૨,૫૨૪ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા

રાજકોટ,તા.૧૫

ગુજરાત રાજ્યની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પણ પરિક્ષા કાર્યક્રમ જાહેર થયો છે. નોંધનીય છે કે આગામી ૨૧ ડિસેમ્બરથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવિધ પરીક્ષાનો પ્રારંભ થવા જઇ રહ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીએ, બીબીએ, બીએસસી, એલએલબી અને બીએસડબલ્યુની સેમેસ્ટર ૫ની પરીક્ષા યોજાશે. જ્યારે કે બીએસસી-આઇટી, એમએસસી-આઇટી અને એમપીએમ સેમેસ્ટર ૩ સહિતના કોર્ષની પરીક્ષા લેવામાં આવશે.

કોરોનાના કેસો હજુ શહેરમાં નોંધાઈ રહ્યા છે. કોરોનાનો પ્રકોપ ભલે ઓછો થયો હોય પરંતુ હજુ નવા કેસો નોંધાય છે. કોરોના બાબતે જાગૃતિ પણ આવતી જાય છે. સેકટર-૩૦ સર્કલ પાસે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર શરૂ કરાયું છે. જયાં મોટી સંખ્યામાં લોકો ટેસ્ટ કરાવવા આવી રહ્યા છે.

સેકટર-૨૯માં નવી બનાવાયેલી સરકારી વસાહતમાં ગટર ઉભરાવવાની સમસ્યા પેદા થઈ છે. આ વસાહતની બહાર ગટરનું ગંદુ પાણી ઉભરાય છે. જેના ખાબોચિયા ભરાતા અહીં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

મુખ્યમંત્રીના જનસંવાદ કેન્દ્રમાંથી ૧૧ માસમાં બે લાખથી વધુ લોકો સાથે કરાયો સંવાદ

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસ સ્થાને સરકારની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિને મળી રહે તે માટે તથા તેમના ફિડબેક પ્રાપ્ત કરવા માટે મુખ્યમંત્રી ડેશબોર્ડ જનસંવાદ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. ફિડબેક મિકેનિઝમ આ ખુબ જ ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત થયું છે. આ જનસંવાદ કેન્દ્રના માધ્યમથી છેલ્લા ૧૧ મહિનામાં બે લાખથી પણ વધારે એટલે કે પ્રતિમાસ ૧૮ હજારથી વધારે શહેરી અને ગામજનોએ સીધો જ મુખ્યમંત્રી સાથે સંવાદ કર્યો છે. આ એક અનોખી સિદ્ધિ છે. ગુજરાતમાં કોરોના કાળ દરમિયાન વિવિધ સરકારી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીઓને અપાયેલી સારવાર અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જનસંવાદ કેન્દ્રમાંથી સીધો જ સંવાદ કરીને તેમના ખબર અંતર પુછીને તેમણે મેળવેલી સરકારી સેવાઓની હકીકત લક્ષી માહિતી મેળવી હતી. છેલ્લા ૧૧ મહિના દરમિયાન જનસંવાદ કેન્દ્રના માધ્યમથી ગુજરાત સરકારની ૧૦૦ કરતા વધારે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ અને સેવાના લાક્ષાર્થીઓ પાસેથી ફિડબેક લેવામાં આવ્યા હતા.

જાહેરાત

કમિશ્નરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, પ્રથમ માળ, ગાંધીનગર આ કચેરી ખાતે ઈલેક્ટ્રીકની કામગીરી કરવાની હોઇ માર્ગ અને મકાન ખાતામાં રજીસ્ટર થયેલ હોય તેવા માન્ય કોન્ટ્રાક્ટરો પાસે ઈલેક્ટ્રીક કામ અંગેનુ ફોર્મ અત્રેની કચેરી ખાતેથી મેળવી તેમાં ભાવ ભરી ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રીના નામજોગ ઉપરોક્ત સરનામે તા.૩૧/૧૨/૨૦૨૦સુધીમાં સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણ દર્શાવવામાં આવશે નહી.

કમિશ્નરવતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
માહિતી/૧૪૯૨/૨૦-૨૧

ઘરમાં રહો સુરક્ષિત રહો